કમલનાથ સરકાર પર સંકટના વાદળો ઘેરાયા

લોકસભાની ચૂંટણીમાં ભાજપે ૨૯ પૈકીની ૨૮ સીટ જીતી લીધા બાદ કોંગ્રેસની મુશ્કેલી વધી : આક્ષેપ પ્રતિ આક્ષેપ

ભોપાલ, તા. ૨૪

લોકસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવી લીધા બાદ એકબાજુ કેન્દ્રમાં સરકાર બનાવવા માટેની કવાયત હાથ ધરવામાં આવી ચુકી છે ત્યારે બીજી બાજુ

મધ્યપ્રદેશમાં મુખ્યમંત્રી કમલનાથના નેતૃત્વમાં કોંગ્રેસ સરકારની મુશ્કેલી પણ વધી રહી છે. કમલનાથ સરકાર કઈ રીતે પડકારને પાર પાડી શકશે તેને લઈને રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે. ૧૧મી જાન્યુઆરીના દિવસે ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયએ કહ્યું હતું કે, જે દિવસે પાર્ટીનું નેતૃત્વ ઈચ્છશે તે જ દિવસે ભાજપની સરકારની મધ્યપ્રદેશમાં વાપસી થઈ જશે. લોકસભા ચૂંટણીમાં મોદીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની ઐતિહાસિક જીત બાદ મધ્યપ્રદેશની કોંગ્રેસ સરકાર બેચેન છે. સત્તાધારી કોંગ્રેસ પાર્ટીને લાગે છે કે, એવા સંકેત મળી રહ્યા છે કે, દિલ્હીમાં ભાજપ તરીફથી સુચના આપવામાં આવી છે. ગુરુવારના દિવસે એવા સંકેત મળવા લાગી ગયા હતા કે, પ્રદેશ ભાજપ અધ્યક્ષ રાકેશ સિંહે મુખ્યમંત્રી કમલનાથ પાસેથી નૈતિક આધાર પર રાજીનામાની માંગ કરી છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષનું કહેવુ છે કે, કોંગ્રેસે પ્રજાનો વિશ્વાસ ગુમાવી દીધો છે. ભાજપે સંકેત આપ્યા છે કે, આવનાર દિવસો કોંગ્રેસના નેતૃત્વમાં સરકાર માટે સારા રહેનાર નથી. જોકે, ભારતીય જનતા પાર્ટીએ હજુ સુધી બહુમતિના પરિક્ષણ માટે કોઈ પણ વાત કરી નથી. પરંતુ પાર્ટીએ રાજ્યના બજેટને રજુ કરતા પહેલા કમલનાથ સરકારને બહુમતિ પુરવાર કરવાનો પડકાર ફેક્યો છે. મધ્યપ્રદેશ સરકાર ઉપર સંકતના વાદળો ગેરાય ચુક્યા છે. એમ પણ માનવામાં આવે છે કે, રાજ્યમાં કોંગ્રેસની સરકાર જો બહુમતિ પુરવાર કરવામાં નિષ્ફળ રહેશે તો વિજયવર્ગીયે મુખ્યમંત્રી પદની સ્પર્ધામાં સૌથી આગળ રહેશે. મંગળવારના દિવસે જ તેમણે કહ્યું હતું કે, લોકસભા ચૂંટણીના પરિણામ આવ્યા બાદ આ સરકાર ૨૨ દિવસની અંદર પડી જશે. ગુરુવારના દિવસે વિજયવર્ગીયે કહ્યું હતું કે, મધ્યપ્રદેશમાં સ્થિતિ ખુબ જ સારી રહી નથી. ભાજપ દ્વારા સરકારને લઈને એક પછી એક મુશ્કેલીઓ ઉભી કરવામાં આવી રહી છે.

બીજી બાજુ કોંગ્રેસ સરકારના મંત્રી રહેલા જીતુ પટવારીએ કહ્યું છે કે, સરકારને કોઈ પણ પ્રકારનો ખતરો નથી. તેમણે કહ્યું છે કે, રાજ્ય સરકાર ઉપર કોઈ સંકટ નથી. ભાજપ દ્વારા કોઈ પણ પગલા લેવાશે તો પણ સરકારને કોઈ અડચણ ઉભી થશે નહી. કોંગ્રેસ સરકાર પાંચ વર્ષ માટે આવી છે અને લોકો માટે કામ કરશે. એવી કોઈ શક્યતા નથી કે, કોંગ્રેસની સાથે જે ધારાસભ્યો છે તે ભાજપમાં જતા રહેશે.

બંગાળમાં ચિંતાતુર મમતા પણ આજે બેઠક યોજવા માટે તૈયાર

કોલકતા, તા. ૨૪

લોકસભા ચૂંટણીમાં મોટો ફટકો પડ્યા બાદ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ હચમચી ઉઠ્યા છે. મુખ્યમંત્રીએ પાર્ટીના ખરાબ દેખાવ બાદ હવે મહત્વપૂર્ણ બેઠકો શરૂ કરી છે. તમામ નેતાઓની બેઠક શરૂ થઈ ગઈ છે. ભારતીય જનતા પાર્ટીએ આ વખતે મોદી લહેર વચ્ચે જોરદાર દેખાવ કરીને ૧૮ બેઠકો ઉપર કબ્જો જમાવી દીધો

છે. મમતા બેનર્જીના ગઢમાં ભારતીય જનતા પાર્ટીએ મોટા ગાબડા પાડી દીધા છે. ટીએમસી અગાઉના દેખાવને ફરી પૂનરાવર્તન કરવામાં સફળ રહી નથી. મમતા બેનર્જી પણ ભારે પરેશાન દેખાઈ રહ્યા છે. પાર્ટીની હાલતને જોઈને તેમને ચિંતા વધી ગઈ છે. ચૂંટણી પરિણામ બાદ ઉભી થયેલી સ્થિતિ ઉપર ચર્ચા કરવા બેઠકો શરૂ થઈ ચુકી છે. આવતી કાલે પણ મમતા બેનર્જીએ કોલકત્તાના કાલીઘાટ ખાતે પોતાના આવાસ ઉપર શનિવારના દિવસે મહત્વપૂર્ણ બેઠક બોલાવી છે. આ બેઠકમાં પાર્ટીના તમામ મોટા નેતાઓ ઉપસ્થિત રહેનાર છે. એમ માનવામાં આવે છે કે આ બેઠકમાં લોકસભા ચૂંટણીમાં પાર્ટીના પ્રદર્શન ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ બેઠકમાં ટીએમસીના ધારાસભ્યોને પણ બોલાવવામાં આવ્યા છે. રાજ્યમાં બે વર્ષ બાદ એટલે કે ટૂંકમાં જ ચૂંટણી યોજાનાર છે. વિધાનસભા ચૂંટણીમાં આ વખતે મમતા બેનર્જી પાસેથી સત્તા આંચકી લેવા માટે ભાજપે જોરદાર તૈયારી કરી લીધી છે.

શપથવિધિ પૂર્વે નરેન્દ્ર મોદી અને અમિત શાહ ગુજરાતની મુલાકાતે આવશે

લોકસભામાં ચૂંટાયેલા ભાજપના ચાર ધારાસભ્યો રાજીનામું આપશે : અમિત શાહની નારણપુરમાં જનસભા થઈ શકે

મોદી સરકારની શપથવિધિ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ગુજરાતની મુલાકાત લે તેવી પ્રબળ શકયતા છે. જેમાં વડાપ્રધાન મોદી નવેસરથી પીએમ તરીકે શપથ લે તે પહેલાં અને નવી સરકારની શપથવિધિ પહેલાં માતા હીરા બાના ગાંધીનગર ખાતે આશીર્વાદ લેવા આવે તેવી શકયતા છે. તો, તેમની સાથે અમિત શાહ પણ ગુજરાતની જનતાનો વિશેષ આભાર માનવા અહીં આવે તેવી શકયતા છે. બીજીબાજુ, ગુજરાતમાંથી ચૂંટાયેલા તમામ ૨૬ સાંસદો આવતીકાલ સવાર સુધીમાં દિલ્હી પહોંચી જશે. તે પહેલા સાંસદ તરીકે ચૂંટાયેલા ભાજપના ચાર ધારાસભ્યો વિધાનસભા અધ્યક્ષને રાજીનામા આપી દેશે. સંભવત : તા. ૨૯મી મે ના રોજ ગુજરાતના બે દિગ્ગજ નેતાઓ નરેન્દ્ર મોદી અને અમિત શાહ બંને એકસાથે ગુજરાત આવી શકે છે. ગુજરાતની ૨૬ લોકસભા બેઠક પર ભાજપનો ભગવો લહેરાયો છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપે ચાર ચાલુ ધારાસભ્યોને સાંસદ તરીકેની ટિકિટ આપી મેદાનમાં ઉતાર્યા હતા. જેમાં બનાસકાંઠાની થરાદ વિધાનસભા બેઠક પરથી પરબત પટેલ, પાટણની ખેરાલું બેઠક પરથી ભરતસિંહ

ડાભી, અમદાવાદની અમરાઈવાડી બેઠક પરથી હસમુખ પટેલ અને પંચમહાલની લુણાવાડા બેઠક પરથી રતનસિંહ રાઠોડને ટિકિટ આપી હતી. આ ચારેય ધારાસભ્યો લોકસભામાં વિજયી થતા હવે તેઓ વિધાનસભા અધ્યક્ષને ધારાસભ્ય પદ પરથી રાજીનામું આપશે અને સાંસદ તરીકે શપથ લેશે. આવતીકાલે તમામ ૨૬ સાંસદો દિલ્હી ખાતે યોજાનારી સંસદીય બેઠકમાં ભાગ લેશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગાંધીનગરના સાંસદ અમિત શાહ ગુજરાત આવશે. નારણપુરા વિસ્તારમાં એક વિશાળ જનસભાને સંબોધી મતદાતાઓનો આભાર માનશે. શપથવિધિ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર ગુજરાત આવી શકે છે. અને ગાંધીનગર ખાતે માતા હીરાબાના આશીર્વાદ લઈ શકે છે. આમ બંને દિગ્ગજ નેતાઓ શપથવિધિ પહેલા ગુજરાત આવે તેવી શક્યતા પ્રબળ બની છે.

આજે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરીણામ : વિદ્યાર્થીઓમાં ઉત્સુકતા

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ માસમાં ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા લેવાઈ હતી. જેમાં સાબરકાંઠાના અંદાજે ૧૪૧૫૯ વિદ્યાર્થીઓએ જિલ્લાના વિવિધ કેન્દ્રો પર આવેલા ૮૮ બિલ્ડીંગોના ૧૦૪૪ બ્લોકમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપી હતી જેનું પરીણામ આજે શનિવારે બોર્ડની વેબસાઈટ પર જાહેર થશે જેને લઈને વિદ્યાર્થીઓમાં પરીણામ જાણવાની ઉત્સુકતા વધી ગઈ છે. ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા સાબરકાંઠાના હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા સહિતના અન્ય સ્થળે માધ્યમિક શિક્ષણ બોર્ડે ફાળવેલ પરીક્ષા કેન્દ્રો પર જિલ્લાના અંદાજે ૧૪૧૫૯ વિદ્યાર્થીઓએ સીસીટીવી કેમેરાની બાજ નજર હેઠળ પરીક્ષા આપી હતી.

પાલનપુર કલેકટર કચેરીમાં ખેડૂતે આપઘાત કરવાની કોશિષ કરતાં ચકચાર પાલનપુર બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર ખાતે મૂળ ભાભર તાલુકાના સનેસડા અને હાલ વાવના સેડવ ગામે રહેતા ખેડૂતે શુકવારે પુનઃ કલેકટરની ચેમ્બર આગળ ઝેરી દવા ગટગટાવવાનો પ્રયાસ કરતાં ભારે દોડભાગ મચી જવા પામી હતી. જોકે, તે આપઘાત કરે તે પહેલા પોલીસે તેને ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ટીંટોઈ યુ.જી.વી.સી.એલ. ટીમની નબળી કામગીરીથી

મીનીચક્રવાતને સાત દિવસ પૂર્ણ થવા છતાં ખેડૂતો વીજપ્રવાહથી વંચિત

અરવલ્લી જીલ્લામાં ગત શુક્રવારે રાત્રે ભારે પવન સાથે વાવાઝોડું અને ધોધમાર વરસાદ થી મીનીચક્રવાત સર્જાતા જીલ્લામાં ભારે તબાહી સર્જાવાની સાથે કરોડો રૂપિયાનું નુકશાન થયું હતું અને ૨૫૦ થી વધુ વીજપોલ અને અસંખ્ય વૃક્ષો જમીનદોસ્ત થતા ૧૮૦ જેટલા ગામોમાં વીજપુરવઠો ખોરવાયો હતો જીલ્લા વીજતંત્રએ યુદ્ધના ધોરણે કામગીરી હાથધરી વીજપુરવઠો પૂર્વરત કર્યો હતો ટીંટોઈ પંથકમાં સૌથી વધુ અસર વાવાઝોડાની જોવા મળી હતું ટીંટોઈ યુ.જી.વી.સી. ટીમની નબળી કામગીરીથી ખેતી માટે જરૂરી વીજપુરવઠો ૭ દિવસ પછી પણ પૂર્વરત કરવામાં નિષ્ફળ રહેતા કચેરીમાં રજુઆત કરવા ગયેલા ખેડૂતો સાથે તોછડાઈ ભર્યું વર્તન કરતા ખેડૂતોમાં રોષ ભભૂકી

ઉઠ્યો છે.

ટીંટોઈ પંથકમાં ગત શુકવારે ત્રાટકેલા વાવાઝોડાએ ભારે કહેર મચાવતા ૩૦૦ થી વધુ મકાનો અને તબેલાના પતરા ઉડી ગયા હતા અને કાચા બનાવેલ ધરાશાઈ થવાની સાથે ઠેર ઠેર વૃક્ષો અને વીજપોલ ઉખાડી નાખ્યા હતા મીનીચક્રવાતને ૭ દિવસ જેટલો સમય વીતવા છતાં ટીંટોઈ યુ.જી.વી.સી. કચેરી હેઠળ આવતા કૃષિ માટેની વીજળી પૂર્વરત કરવામાં તંત્ર નબળું પુરવાર થતા ખેતરમાં ઉભા પાકને પાણી ન મળતા મુરઝાઈ રહ્યો છે અને ખેતરોમાં રહેલા તબેલામાં પશુઓ પણ પાણીના અભાવે છતાં પાણીએ તરસી રહ્યા છે.

ટીંટોઈ પંથકના કેટલાક ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોના જણાવ્યા અનુસાર ટીંટોઈ યુ.જી.વી.સી કચેરીમાં આ અંગે રજુઆત કરતા જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ ખેડૂતો સામે ઉદ્ધતાઈ પૂર્વક વર્તન કરતા ખેડૂતોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે ખેતીલાયક વીજપુરવઠો તાત્કાલિક પૂર્વરત કરવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે.

પાલનપુરમાં સિંગ-ચણા વેચતા ગૃહસ્થની દીકરી બાદ હવે દિકરાએ પરીક્ષામાં મેદાન માર્યુ

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ દસની પરીક્ષામાં પાલનપુરમાં સિંગ ચણાની લારી ચલાવતાં ગૃહસ્થના પુત્રએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. તેમની દીકરીએ પણ બે વર્ષ અગાઉ જિલ્લામાં ઉચ્ચકમાંક મેળવ્યો હતો. જે બાદ દીકરાએ પણ તેમને ગૌરવ અપાવ્યું છે. આ અંગે હસમુખભાઈ લક્ષ્મીચંદભાઈ પરમારે જણાવ્યું હતુ કે, મારા દિકરા મીત પરમારે એસએસસી બોર્ડની પરીક્ષામાં ૯૯.૮૧ પર્સેન્ટાઈલ અને ૯૩.૧૬ ટકા પરિણામ મેળવતા પરિવારમાં ખુશી પ્રસરી જવા પામી છે. આ અંગે મીત પરમારે જણાવ્યું હતું કે, મારી આ સિધ્ધિ પાછળ મારા આદર્શ એવા મારા પિતાજીની કાળી મજુરી જ સફળતાની ચાવી છે. પિતાજી શિયાળો હોય કે ઉનાળો કે પછી ચોમાસાનો વરસાદ તે જોયા વિના સીંગ ચણા અને બીજડાની લારી ચલાવી અમારા પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમની મજૂરી જોઈ મને અભ્યાસ કરી મોટો માણસ બનવાની પ્રેરણા મળી હતી અને મેં એસએસસીમાં અથાગ મહેનત કરી જેનું આજે મને પરિણામ મળ્યું છે. હું પિતાનું નામ રોશન કરવા માટે સારો માણસ બનવા માંગુ છુ.

ભાજપની સંપૂર્ણ બહુમતી ધાનેરામાં ફટાકડા ફોડી ઉત્સવ મનાવ્યો

ભારતમાં લોકસભાની ૫૪૨ સીટોમાં ભાજપના તથા સાથી પક્ષોએ ૩૫૩ સીટો મેળવી પૂર્ણ બહુમતી મેળવી મોદી સરકાર ફરી એક વાર પાછી આવી છે અને કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો કર્યો છે. લોકસભામાં ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલ પણ વિજયી થતાં ધાનેરામાં ભાજપના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ આજે સાંજે ફટાકડા ફોડી શોભાયાત્રા કાઢી ઉત્સવ મનાવ્યો હતો. ભાજપના હોદ્દેદારો અને શહેર મંત્રી જબરસિંહ ધાનેરા નગરપાલિકા પુર્વ પ્રમુખ આશાબેન પટેલ ગીતાબેન વાઘેલા ઈન્દુબેન જોષી પનાભાઈ પ્રજાપતિ તેમજ નગરપાલિકા પૂર્વ કારોબારી સદસ્ય હંસાભાઈ પરમાર તેમજ મોટી સંખ્યામાં ભાજપના શહેરના કાર્યકર્તાઓ હાજર રહી જુના બસ સ્ટેન્ડ પર ફટાકડા ફોડી આનંદ સાથે શોભાયાત્રા પણ કાઢવામાં આવી હતી.

લોકસભાની ૫૪૨ સીટોમાં ભાજપના તથા સાથી પક્ષો ઉમેદવારો એ ૩૫૩ સીટો મેળવી પૂર્ણ બહુમતી મેળવી મોદી સરકાર ફરી એક વાર પાછી આવી છે અને કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો કર્યો છે બનાસકાંઠા લોકસભા માં ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલ પણ વિજયી થતાં પાલનપુરમાં રેલી કાઢવામાં આવી હતી તે પ્રસંગની તસવીર.

પવન ફુંકાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરંતુ છેલ્લા ચાર પાંચ દિવસથી ગરમીએ ફરી માથુ ઉંચકયુ છે. જો કે ગરમીનુ પ્રમાણમાં સતત નજીવો ફેરફાર જોવા મળી રહ્યો છે. પરંતુ ગરમીનો પારો ૪૦ ડિગ્રીની ઉપર રહેતા દિવસનો તાપ અસહ્ય બની રહ્યો છે. દિવસે અંગ દઝાડતી ગરમીના લીધે નગરજનો કામ સિવાય હજુ પણ ઘરની બહાર જવાનુ ટાળી રહ્યા છે. ત્યારે જુન નજીકમાં આવતા વહેલા વરસાદની આશ પણ સેવાઈ રહી છે. ગરમીથી ત્રસ્ત શહેરીજનો હવે વરસાદની મજા લેવા ઉત્સુક બન્યા છે. ત્યારે ગરમીનો પારો આજે એક ડીગ્રી નીચે ગગડયો હતો. હળવા વાતાવરણ પલ્ટા વચ્ચે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમા ગિરાવટ જોવા મળી હતી આજે મહત્તમ તાપમાન ૪૧.૮ ડિગ્રી નોંધાયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન પણ દોઢ ડિગ્રી ઘટીને ૨૮.૫ ડિગ્રી રહ્યુ હતુ. વાતાવરણમાં હળવા પલ્ટાના અંતે સવારે અને સાંજે પણ ભેજનુ પ્રમાણ આંશિક વધ્યુ હતુ.

બોર્ડ કંગાળ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવતા નથી. કટાલેયા આ બોર્ડસ તંત્રના કંગાળ વહીવટનો પરચો આપતા હોય તેવુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ગાંધીનગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયા બાદ પાટનગર યોજના ભવન સહીત મ્યુનિ તંત્ર શહેરની સુંદરતાને વધારવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહ્યુ છે. જયારે વાઈબ્રન્ટ સમિટ વેળાએ પણ નગરના બ્યુટીફિકેશન તેમજ નવા સાઈન બોર્ડસ અને ગેન્ટ્રી લગાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ આ સઘળી કામગીરી નગરના મુખ્યમાર્ગ સુધી સિમિત રહેતા સેકટરોના આંતરિક વિસ્તારમાં હજુ બિહામણાં દ્રશ્યો જોવા મળી રહ્યા છે. બ્યુટિફિકેશન તેમજ જરૂરી સુવિધાને અનુલક્ષી આનુસંગિક કામગીરી માટે તોતિંગ ખર્ચ કરવામાં આવે છે.પરંતુ સેકટરોમાં જયાં સ્થાનિક રહીશોનો વસવાટ છે. ત્યાં આ બાબતે દુર્લક્ષ્ય સેવવામાં આવી રહ્યુ છે. આવા સંજોગોમાં સેકટરોમાં હજુ પણ અસ્તિત્વ ધરાવતા આ પ્રકારના કંગાળ બોર્ડસ દુર કરવામાં આવ્યા નથી. એકબાજુ સ્ટ્રીટ લાઈટના પોલ્સ પર ચિપકાવેલા ચોપાનિયા દુર કરવા માટે લાંબા સમય બાદ દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે સરકારી બોર્ડસ જ નગરની સુંદરતા માટે આડશ બન્યા હોવાના દ્રશ્યો સર્જાયા છે. આવા સંજોગોમાં આ પ્રકારના બિનઉપયોગી બોર્ડસ દુર કરવા માટે ત્વરિત પગલા લેવાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

જનમત નહીં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમના મત વિસ્તારોમાં જંગી લીડ મેળવી હતી. વિધાનસભામાં વિપક્ષના નેતા પરેશ ધાનાણીને બોલકા નેતા માનવામાં આવે છે. વિધાનસભા ચૂંટણીમાં તેઓ જીતતા આવ્યા છે. પરંતુ લોકસભાની ચૂંટણીમાં તેમનું પાણી મપાઈ ગયું હતું. અમરેલીમાંથી વિધાનસભા જીતી હોવા છતાં લોકસભામાં તેમના જ મતવિસ્તારમાં ભાજપના ઉમેદવારે તેમની પર ૨૦ હજારથી વધુ મતે લીડ મેળવી હતી. તો, લલિત કગથરા માટે લોકસભા ચૂંટણી દરમિયાન અકસ્માતમાં પુત્રનું મોત નીપજતાં હિંમત હારી ગયા હતા. રાજકોટ બેઠક પર ચૂંટણીમાં ઝંપલાવીને જંગી લીડથી હારી ગયા હતા. ત્યારે તેમના મત વિસ્તાર ટંકારામાં ૧૬ હજારથી વધારે મતની લીડ ભાજપના ઉમેદવારે આપી હતી તેવી સ્થિતિમાં તેમનું પણ મતવિસ્તારમાં જનાધાર ગુમાવ્યો હોવાનું પરિણામ સામે આવ્યું હતું. પોરબંદર સીટ પરથી ચૂંટણી લડીને પ્રમોશન લેવા નીકળેલા હાર્દિક પટેલના સાથીને પોરબંદર સીટ પર ભાજપની ઉમેદવાર સામે કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. પોરબંદર લોકસભાનો જોરશોરથી પ્રસાર કરવા છતાં તેમના મત વિસ્તાર ધોરાજી-ઉપલેટાના મતદારોએ નકારીને ભાજપના ઉમેદવારને ચાર હજારની લીડ આપી હતી. રાદડીયા પરિવારની ગેરહાજરીમાં પોરબંદર સીટ પર પહેલીવાર કોઈ ઉમેદવાર જીત્યો છે. જૂનાગઢ બેઠકના પૂંજા વંશે જનાધાર ગુમાવી દીધો હતો. ભાજપના ઉમેદવાર સામે તેમના જ મતવિસ્તાર ઉનામાં ૨૯ હજાર મતોથી પાછળ રહ્યા હતા. કોંગ્રેસને આ બેઠક પરથી બહુ અપેક્ષા હતી. ગાંધી પરિવારનો ઈતિહાસ રહ્યો છે કે વલસાડ બેઠક જીતે તો કોંગ્રેસની દિલ્હીમાં સરકાર બને છે. ત્યારે કપરાડાના ધારાસભ્યને ઉતાર્યા હતા. પરંતુ મોદી લહેરમાં બધું સુનામીમાં ધોવાઈ ગયું હતું.

ભીષણ આગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જોકે, શિક્ષકોની બેરકારીના કારણે બાળકોને બાહાર કાઢી શક્યા ન્હોતા. આગે ધીમે ધીમે આખા ટ્યૂશન ક્લાસિસને આગે પોતાના ઝપેટમાં લઈ લીધું છે.

ધૂમાડાના ઘોટે ઘોટા બહાર નીકળી રહ્યા છે. ધૂમાડાના કારણે ૧૦થી ૧૫ લોકો ક્લાસિસમાં બેભાન હોવાનું સ્થાનિક સુત્રો જણાવી રહ્યા છે. જ્યારે ૧૦થી ૧૨ વિદ્યાર્થીઓએ જીવ બચાવવા માટે બારીમાંથી કૂદકા માર્યા હતા. આ ઘટનામાં ત્રણ બાળકોના મોત થયા હોવાનું પણ સ્થાનિક લોકો જણાવી રહ્યા છે.

૧૫થી વધુ ફાયરની ગાડીઓ અને ૧૦૦થી વધુ પોલીસ કર્મીઓ સ્થળ ઉપરફાયર બ્રિગેડને જાણ કરાતા ફાયરની ૧૫થી વધુ ગાડીઓ સ્થળ ઉપર દોડી આવી હતી. અને આગને કાબુમાં લેવા માટેની કામગીરી હાથધરી હતી. ઘટનાની જાણ થતાં જ જોઈન્ટ કમિશ્નર કક્ષાના પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. લોકોની ભીડને કાબુમાં લેવા માટે પણ ૧૦૦થી પોલીસ કર્મચારીઓ સ્થળ ઉપર હાજર છે.

દળની બેઠક

● અનુસંધાન પહેલાનું ચાલુ

લઈને પણ ચક્રો ગતિમાન થઈ ગયા છે. આ વખતે પશ્ચિમ બંગાળના ૪ સાસંદોને પણ કેબિનેટમાં જગ્યા મળી શકે છે. આ બાબતને લઈને નવી રણનીતિ તૈયાર થઈ રહી છે. લોકસભા ચૂંટણીમાં જીત બાદ હવે ભાજપની નજર ૨૦૨૧ વિધાનસભા ચૂંટણી પર કેન્દ્રિત થઈ ગઈ છે. ભાજપના તમામ સાંસદોને દિલ્હીમાં બોલાવવામાં આવ્યા છે. આ પહેલા આજે શુક્રવારના દિવસે ભાજપે પોતાના સંસદીય બોર્ડની બેઠકમાં પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. જેમાં આ અંગે માહિતી આપવામાં આવી હતી. મોદીના નેતૃત્વમાં આગામી પાંચ વર્ષમાં ભારતને વધુ શક્તિશાળી બનાવવા એનડીએ વધુ તાકાત સાથે કામ કરનાર છે. છેલ્લા કાર્યક્રમમાં મોદીના નેતૃત્વમાં સરકારની ગરીબ કલ્યાણકારી નીતિ, રાષ્ટ્રીય સુરક્ષા પ્રત્યે દ્રષ્ટિકોણ, સબકા સાથ સબકા વિકાસના મૂળ મંત્રની સાથે ભારત વૈશ્વિક છાપ ઉભી કરવા પ્રયાસ કરશે.

નંબર-૨ સ્થાને

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાણકાર લોકોના કહેવા મુજબ કેટલાક વરિષ્ઠ નેતાઓ અને જુના ચહેરા આરોગ્યના કારણોસર અને અન્ય મુદ્દાઓના લીધે રાજકારણમાંથી નિકળી જનાર છે. તેમની જગ્યાએ યુવા ચહેરાઓને સામેલ કરવામાં આવનાર છે. મોદી કેબિનેટમાં કેટલાક મહત્વના ખાતાને લઈને ચર્ચા શરૂ કરી દેવામાં આવી છે. જેમાં નાણાં મંત્રાલયનો પણ સમાવેશ થાય છે. નાણાં પ્રધાન અરૂણ જેટલી પણ આરોગ્યના કારણસર આ વખતે કેબિનેટમાં ન રહે તેવી વકી છે. જો કે અંતિમ નિર્ણય જેટલી દ્વારા કરવામાં આવનાર છે. જો જેટલી નાણાં પ્રધાન નહીં બને તો તેમની જગ્યાએ પિયુશ ગોયલને મોટી જવાબદારી મળી શકે છે.વિતેલા વર્ષોમાં જેટલીની જગ્યાએ કેટલીક વખત નાણાં પ્રધાન તરીકેની જવાબદારી ગોયલે સંભાળી હતી. સુષ્મા સ્વરાજ ચાલુ રહેશે કે કેમ તે અંગે માહિતી મળી શકી નથી. બાજપ પ્રમુખ અમિત શાહ પણ કેબિનેટમાં સામેલ થઈ શકે છે. સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ તેમને ગૃહ પ્રધાન બનાવવામાં આવી શકે છે. જ્યારે કેન્દ્રિય પ્રધાન રાજનાથ સિંહને સંરક્ષણ પ્રધાન બનાવવામાં આવી શકે છે. નિર્મલા સીતારામન કેબિનેટમાં ખાસ સ્થાન મેળવશે. તેમને સ્વરાજની જગ્યાએ જવાબદારી સોંપવામાં આવી શકે છે. સ્મૃતિ ઈરાનીને પણ તક આપવામાં આવનાર છે. અમિત શાહની કેબિનેટમાં એન્ટ્રી ચોક્કસ બની છે. અમિત શાહ લોકસભામાં એન્ટ્રી કરી ચુક્યા છે. હવે મોદી સરકારની સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિમાં શામેલ થઈ શકે છે. મોદી સરકારની બીજી અવધી દરમિયાન તેમને મોટી જવાબદારી મળી શકે છે. ગુજરાતમાં અમિત શાહ મોદીની નેતૃત્વમાં જ્યારે સરકાર હતી ત્યારે ગૃહમંત્રી તરીકે હતા.